ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૮ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૧૮ ટકા

# ગુજરાત સ્થાપના દિને ભાજપ-કોંગ્રેસની પૂ. રવિશંકર મહારાજને પુષ્પાંજલિ





ગાંધીનગર, તા.૧

આજે ગુજરાત રાજયના સ્થાપના દિન નિમિત્તે પાટનગર ગાંધીનગરમાં ઘ-૫ સર્કલ સ્થિત મૂકસેવક પૂ. રવિશંકર મહારાજની પ્રતિમાને શહેર ભાજપ તથા શહેર કોંગ્રેસના અગ્રણીઓ-કાર્યકરો દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. ભારતીય જનતા પાર્ટી દ્વારા આયોજિત પુષ્પાંજલિ કાર્યક્રમમાં મંત્રી પરબતભાઈ પટેલ સહિત પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, મેયર રીટાબેન પટેલ, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, પૂર્વ ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, પૂર્વ મંત્રી વાડીભાઈ તથા શહેર ભાજપ પ્રમુખ મહેન્દ્ર પટેલ સહિત અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. પુષ્પાંજલિ કાર્યક્રમ બાદ ભાજપ અગ્રણીઓ-કાર્યકરોએ સ્વચ્છતા અભિયાન હાથ ધર્યું હતું.

# પાલજ પાસેની ઝાડીઓમાંથી બે ચેઈન સ્નેચરને પકડી પાડતી એલસીબી

ગાંધીનગર,તા.૧

ચિલોડા પોલીસ સ્ટેશનની હદમાં ચેઈન સ્નેચીંગના બે ગુના આચરતા ઈસમોને પકડી પાડીને સોનાની ચેઈન કિં.રૂ.૨૯,૦૧૨ ની કબ્જે કરી ગાંધીનગર એલીસીબી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ચિલોડા પોલીસ મથકની હદમાં આવતા સીઆરપીએફ અને આર્મી કેમ્પ રોડ પરથી થયેલી બે ચેઈન સ્નેચીંગના કેસમાં સંડોવાલેયા બે શખ્સોને ગાંધીનગર એલસીબી પોલીસે પકડી પાડ્યા છે. એલસીબી પીઆઈ નીરજ પટેલ ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ દિલિપસિંહ તેમજ કોન્સ્ટેબલ નરેશકુમારને આરોપીઓ અંગે બાતમી મળી હતી. જેને પગલે એલસીબીએ પાલજ જતા માર્ગની પાસે આવેલી ઝાડીઓમાં જુબેર કાળુભાઈ કાજેડીયા (રહે. જીઆઈડીસી ચાર માળીયા સે-૨૫) અને રહીમ ઉર્ફે ભુરો મહંમદ હુસેન ખોખર (રહે.સંજરી પાર્ક પાછળ છાપરામાં પેથાપુર)ને પકડી પાડ્યા હતા. બંને આરોપીઓ પાસેથી ૨૯ હજારની કિંમતની સોનાની ચેઈન મળી આવી હતી. બંનેની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેઓએ આજથી દોઢ વર્ષ અગાઉ બંન્ને શખ્સોએ ચિલોડા સીઆરપીએફ તેમજ આર્મી કેમ્પ રોડ પરથી અલગ-અલગ સમયે રસ્તે જતા બે બહેનોનો ગળામાંથી ચેઈન તોડી લીધી હતી. બંન્ને ગુના અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.આરોપીઓએ ગુનાની કબુલાત કરતા પોલીસે કાયદેસરની કાર્યાવાહી હાથ ધરી છે.

# જાખોરામાંથી જુગાર રમતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર નજીક આવેલા જાખોરા ગામે નર્સરીની પાસે આવેલી ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ત્રણ જુગારીઓને રૂ.૪૮૧૦ ના મુદ્દામાલ સાથે પોલીસે પકડી પાડ્યા છે. જયારે ત્રણ જુગારીઓ ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. ચિલોડા પોલીસ મથકે ૬ ઈસમો સામે જુગારધારાનો ગુનો નોંધી પોલીસે વધુ તપાસ આદરી છે.

પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ ચિલોડા પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન હે.કો. અલ્પેશકુમારને જાખોરાના જુગાર અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે જાખોરા ગામના સ્મશાન પાસે આવેલી નર્સરીની પાસેની ખુલ્લી જગ્યામાં જુગાર રતમા શકુનીઓને પકડી પાડ્યા હતા. શકુનીઓમાં ગામના હસમુખ જેસંગજી ઠાકોર, મહેન્દ્રસિંર કાંતીજી ઠાકોર કિશન જુહાજી ઠાકોર પકડાઈ ગયા હતા.જયારે દિનેશ આત્મારામ ઠાકોર, અજય ચેતનજી ઠાકોર, કાનાજી અમરાજી ઠાકોર ભાગી છુટવામાં સફળ રહ્યા હતા. પોલીસે પકડી પાડેલા ત્રણેય શખ્સો પાસેથી રૂ.૪૮૧૦ નો મુદ્દામાલ કબ્જે કરી તમામ શખ્સો સામે જુગારધારાનો ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

# બીઓબીના બરોડા લાઈવ રેડિયોને એક સપ્તાહમાં ૫૦ હજાર શ્રોતા પ્રાપ્ત થયા



ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સેકટર-૧૧ સ્થિત બેંક ઓફ બરોડાની એપેકસ એકેડેમી દ્વારા ઈ-લર્નિંગ પ્લેટફોર્મ બરોડા ગુરુકુળ દ્વારા 'બરોડા લાઈવ રેડિયો'ની પહેલ કરવામાં આવી છે.તા. ર૬મી એપ્રિલથી શરૂ કરાયેલી આ પહેલને શ્રોતા સંખ્યામાં ૫૦ હજારના આંકડાને પાર કરી જતા તેની કેક કાપીને ઉજવણી કરવામાં આવી હતી.

બરોડા એપેકસ એકેડેમી દ્વારા શરુ કરાયેલ 'બરોડા રેડિયો' બેંક ઓફ બરોડાના કર્મચારીઓને તેમના કાર્ય દરમિયાન ઉભી થતી વ્યવહારિક મુંઝવણોના ઉકેલ આપવનું કાર્ય કરે છે. એપ દ્વારા લાઈવ રેડિયો થકી કર્મચારીઓનો તેમની મુંઝવણમાં યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત થઈ શકે છે. આ એપને હજુ માંડ ચારેક દિવસ પૂર્વે જ લોન્ચ કરવામાં આવી છે. પરંતુ બીઓબીના કર્મચારીઓમાં તેને પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડતા લાઈવ રેડિયો ૫૦ હજાર શ્રોતાઓની સંખ્યા પ્રાપ્ત કરી ચુકયું છે. આ પ્રસંગે પ્રમુખ અર્ચના પાન્ડેય, એકેડેમીના પ્રમુખ તથા સીએલઓ પંકજ જાની, પૂર્વ પ્રમુખ કમલેશ પટેલ સહિત અધિકારીઓ-કર્મચારીઓની ઉપસ્થિતિમાં ઉજવણી કરવામાં આવી હતી.



ગુજરાત બિહોલા રાજપૂત સમાજનો દશાબ્દી મહોત્સવ દહેગામ તાલુકાના મોટી પાવઠી ગામે પવિત્ર વાત્રક નદીના કાંઠે સ્થિત અમરભારતી શાળા સંકુલમાં યોજાયો હતો. જેમાં ગાંધીનગરના બિહોલા રાજપૂત સમાજના અગ્રણીઓ પૃથ્વીસિંહ બિહોલા, શૈલેન્દ્રસિંહ બિહોલા, પ્રદિપસિંહ બિહોલા, દિલીપસિંહ બિહોલા સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# શહેર લોકલ ક્રાઈમ બ્રાંચના સેકન્ડ પીઆઈની બદલી

ગાંધીનગર શહેર લોકલ ક્રાઈમ બ્રાંચના સેકન્ડ પીઆઈ તરીકે ફરજ બજાવતા તરલ ભટ્ટને કંટ્રોલ રૂમ ખાતે લીવ રીઝર્વમાં મુકવામાં આવ્યા છે. ત્યારે એલસીબીમાં ફરજ બજાવતા પીએસઆઈ વાય.જે.રાઠોડને સેકન્ડ પીઆઈનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. પીઆઈ તરલ ભટ્ટ છેલ્લા ચારેક માસથી એલસીબી સેકન્ડ પીઆઈના ચાર્જમાં હતા.પેપરલીક કાંડમાં તપાસમાં જોડાયેલા અને તાજેતરમાં જ એલસીબીમાં નિમાયેલા પીએસઆઈ વાય.જે.રાઠોડને સેકન્ડ પીઆઈ તરીકેનો ચાર્જ સોંપવામાં આવ્યો છે.

# સે-૩માં રમતા બાળકો સીધા હોસ્પિટલમાં જાય તેવી સ્થિતિ




ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના સેકટર-૨માં બાળકોને રમવા માટે જે રમતગમતના સાધનો લગાડાયા છે તે સ્થળે બાળકોની સુરક્ષા માટે રેતી અને કર્બિંગની કામગીરી કરવામાં બેદરકારી દાખવવામાં આવી છે જેને પગલે રમતા બાળકોને ઈજા થવાની શકયતાઓ રહેલી છે. એજન્સીની આ બેદરકારી અંગે સતત છેલ્લા બે માસથી રજુઆત કરવા છતાં આવી ગંભીર બાબતે પણ ઉપેક્ષા સેવાતા અંતે સ્થાનિક કોર્પોરેટર ઉર્મિલાબેન વર્માએ મ્યુનિસિપલ કમિશનરને લેખિત જાણ કરી સત્વરે પગલાં લેવા વિનંતી કરી છે.

શહેરમાં વિવિધ વોર્ડમાં રમતગમતના સાધનો લગાડી તેની ફરતે રેતી-કર્બિંગની કામગીરી કરવાનું કામ અલગ અલગ એજન્સીઓને આપવામાં આવ્યું છે. બાળકો માટેના આ રમતગમતના સાધનોમાં હિંચકા, લપસણી, ચકરડી તથા ઊંચકનીચક જેવા સાધનોનો સમાવેશ થાય છે જેનો અત્યારે વેકેશનનો સમયગાળો હોઈ બાળકો ખૂબ ઉપયોગ કરે છે. સેકટર-૩માં લગાડેલા રમતમગતના સાધનો રેતી-કર્બિંગના બેદરકારીભર્યા કાર્ય અને જયાં ત્યાં વિખરાયેલા પડેલા સિમેન્ટ બ્લોકસને કારણે અહીં રમનારા ભૂલકાંઓ માટે જોખમરૂપ બન્યા છે. આ અંગે સ્થાનિક અગ્રણીઓ તથા કોર્પોરેટર દ્વારા અનેકવાર મૌખિક રજુઆતો કરવા છતાં સંતોષકારક જવાબ કે કાર્યવાહી ના થતા છેવટે કોર્પોરેટર ઉર્મિલાબેન વર્માએ મ્યુનિસપલ કમિશનરને લેખિત રજૂઆત કરવાની ફરજ પડી છે.

# ત્રણ મહિના વીતવા છતાં ટેટ-૧ની પરીક્ષાનું પરિણામ ટલ્લે!!!

## પરિણામ જાહેર કરવામાં વિલંબને કારણે ઉમેદવારો વિમાસણમાં મુકાયા



ગાંધીનગર, તા.૧

ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ટેટ-૧ની પરીક્ષા લેવાયાને ત્રણ માસ જેટલો સમયગાળો વિતવા છતાં પરિણામ જાહેર ના કરાતા ઉમેદવારોમાં નારાજગી જોવા મળી રહી છે. ટેટ-૧ની પરીક્ષાના પરિણામની કાગડોળે રાહ જોઈને બેઠેલા ઉમેદવારો દ્વારા રાજય પરીક્ષા બોર્ડના અધ્યક્ષને લેખિત રજુઆત કરી સત્વરે પરિણામ જાહેર કરવા વિનંતી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૨૯મી ઓગસ્ટ ૨૦૧૮ના રોજ ટેટ-૧ની પરીક્ષા લેવામાં આવી હતી. પરંતુ આ પરીક્ષાનું પેપર ફુટી જવાની ફરિયાદ બાદ યોગ્ય તપાસ થતા રાજય પરીક્ષા બોર્ડ દ્વારા આ પરીક્ષાને રદ કરવામાં આવી હતી. આ પછી પરીક્ષા બોર્ડ દ્વારા તા. ૨૭મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ ફરીથી ટેટ-૧ની પરીક્ષાનું આયોજન કરાયું હતું. જે નિર્વિધ્ને શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ હતી પરંતુ તેને ત્રણ મહિનાનો સમય વીતવા છતાં હજુ સધી પરીક્ષાનું પરિણામ જાહેર ના કરાતા ઉમેદવારો ભારે અવઢવમાં મુકાયા છે. પરીક્ષા બોર્ડ દ્વારા લોકસભાની ચુંટણીને અનુલક્ષીને લાગુ પડેલી આચારસંહિતાને કારણે પરીણામની ફાઈલ પણ તા. ૮મી એપ્રિલે ચુંટણી પંચને મોકલી આપવામાં આવી છે તેવું જણાવવામાં આવ્યું હતું. આ કારણે ટેટ-૧ના ઉમેદવારો દ્વારા તા. ૨૯મી એપ્રિલે ચુંટણી પંચમાં તપાસ કરવામાં આવી હતી પરંતુ ચુંટણી પંચ કાર્યાલયમાંથી આવી કોઈ ફાઈલ આવી ના હોવાનું જણાવાતા ઉમેદવારો ચિંતિત બન્યા હતા. આથી ઉમેદવારોએ રાજય પરીક્ષા બોર્ડના અધ્યક્ષને લેખિત રજુઆત કરી આ બાબતે સત્વરે કામગીરી હાથ ધરી શકય હોય તેટલી ઝડપથી પરિણામ જાહેર કરવા વિનંતી કરી છે અને તેને પરીક્ષા બોર્ડની વેબસાઈટ પર અપડેટ કરવા રજુઆત કરી છે. પરીક્ષાનું પરિણામ જાહેર ન થવાને કારણે ઉમેદવારો શું કરવું તે બાબતે ભારે વિમાસણમાં મુકાવા પામ્યા છે.

# સત્યની નજીક અને સત્યની સાથે રહેવાનો ગુણ સરકારી અધિકારીમાં હોવો અનિવાર્ય

## ૩૪ વર્ષની સુદીર્ઘ સેવાઓ બાદ નાયબ માહિતી નિયામક પદેથી મુકુંદભાઈ પટેલ અને હિરલબેન ત્રિવેદી વયનિવૃત્ત

ગાંધીનગર, તા.૧

માહિતી ખાતાના અધિક માહિતી નિયામક અરવિંદભાઈ પટેલે જણાવ્યું હતું કે, સરકારી સેવામાં સત્યની નજીક અને સત્યની સાથે રહીને સેવાઓ આપીને નિવૃત્ત થવું એ સૌ અધિકારી માટે ગૌરવરૂપ છે.

માહિતી ખાતાની ૩૪ વર્ષની લાંબી કારકિર્દી બાદ નાયબ માહિતી નિયામક પદેથી મુકુંદભાઈ પટેલ અને હિરલબેન ત્રિવેદી નિવૃત્ત થતા માહિતી પરિવાર દ્વારા તેઓને ભાવભર્યું નિવૃત્તિ વિદાયમાન આપવામાં આવ્યું હતું.

નિવૃત થતા બંને અધિકારીઓને શુભેચ્છા પાઠવતા અરવિંદભાઈ પટેલે કહ્યું કે, માહિતી પરિવારના આ બંને બાહોશ અધિકારીઓએ કચેરીના




હિતમાં સત્યને વળગી રહીને જે નિર્ણયો લીધા અને કામ કર્યું છે એમાંથી સૌએ પ્રેરણા લેવી જોઈએ. તેમણે આ બંને અધિકારીઓનું નિવૃત્તિમય જીવન સુખમય નીવડે અને પરિવાર સાથે ગાળે તેવી શુભેચ્છા આપી હતી.

સંયુક્ત માહિતી નિયામક પુલકભાઈ ત્રિવેદીએ નિવૃત્ત થતા બંને મિત્રોને શુભેચ્છા આપતા કહ્યું કે સુરજ ઉગે અને આથમે એમ સરકારી સેવામાં નિમણૂક અને વિદાય નિશ્ચિત છે. તેમના સરકારી ઓરાનો અંત આવ્યો છે અને નવો ઓરાનો ઉદય થયો છે. આ બંને પરિવારના મિત્રો દૂર નથી જતા માત્ર સરકારી સેવામાંથી દૂર થાય છે. બંને અધિકારીઓ ટેન્શન ફ્રી રહ્યા છતાં કાયમ એટેન્શનથી કામ કર્યું છે. એ ગુણોની સૌ નવા મિત્રોએ પ્રેરણા લેવી જોઈએ.

માહિતી પરિવારના સૌ મિત્રોએ બંને અધિકારીઓ સાથેના કામગીરી દરમિયાનના અનુભવો યાદ કરીને તેમનું નિવૃત્તિમય જીવન સુખમય રહે તેવી શુભેચ્છા આપી હતી.

નિવૃત થતા મુકુંદભાઈ પટેલે પ્રતિભાવ આપતા કહ્યું કે માહિતી પરિવારના મિત્રોએ મને અઢળક પ્રેમ આપ્યો છે અને આજે હું જે પણ જગ્યાએ પહોંચ્યો છું તેમાં આપ સૌનો સિંહ ફાળો રહ્યો છે.

હિરલબેન ત્રિવેદીએ પણ પોતાના પ્રતિભાવમાં તેમની સફળતાનો તમામ શ્રેય સ્ટાફના મિત્રોને આપીને માહિતી પરિવારના સૌ મિત્રોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો.

આ વેળાએ માહિતી પરિવારના સભ્યો દ્વારા નિવૃત્ત થતા બન્ને અધિકારીઓને મોમેન્ટો, શ્રીફળ અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઈન્ચાર્જ સંયુક્ત માહિતી નિયામક જી.એફ. પાંડોર, નાયબ માહિતી નિયામક કમલેશ ભાવસાર, રતિલાલ તુરી સહિત માહિતી પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ન્યુઝ એન્ડ મીડિયા રિલેશન શાખાના નાયબ માહિતી નિયામક હિરેન ભટ્ટે કર્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. રાઠોડ હિંમતભાઈ ધનજીભાઈ, ઉ.વ. ૮૦
- સ્વ. ગીરીશભાઈ મફતલાલ પરમાર, ઉ.વ. ૬૨
- સ્વ. સથવારા હરગોવિંદભાઈ નાથાભાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. વાઘેલા લક્ષ્મીબેન સંપતભાઈ, ઉ.વ. ૭૦
- સ્વ. મનુભાઈ ભાલચંદભાઈ વાડજીયા, ઉ.વ. ૮૧